પુન્દ્રાસણની આંગણવાડીમાંથી ૧૩,૫૦૦ ની મત્તાની ચોરી

ચોર શખ્સો બે ગેસના બાટલા અને ૩ તેલના ડબ્બા ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામની આંગણવાડીના દરવાજાનું લોક તોડી અંદર પ્રવેશ કરી ચોર શખ્સો રસોડામાં મુકેલા ગેસના બે બાટલા અને ત્રણ તેલના ડબ્બાઓ મળી કુલ રૂ.૧૩,૫૦૦ ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. આંગણવાડી કાર્યકર બહેને પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ટીંટોડા બ્રાહમણવાસ ખાતે રહેતા દિપાલીબેન સંજયકુમાર પંડયા છેલ્લા ૨૩ વર્ષથી આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવે છે. જયારે નોકરીનો સમય સવારે ૮ થી બપોરના ૨ વાગ્યાનો હોય છે. ગત તા.૧ જુનના રોજ નિત્યકમ મુજબ દિપાલીબેન પુન્દ્રાસણ ગામે આંગણવાડી ખાતે આવી ગયા હતા.ત્યારબા ફરજ પુરી કરીને બપોરે બે વાગ્યાના અરસામાં ગેસના બાટલા અને તેલના ડબ્બા સરખી રીતે અંદર મુકીને લોક મારી તે ઘરે જતા રહ્યા હતા. જયારે આજે સવારે તેઓ નોકરી પર આવ્યા હતા તે સમયે જોયુ તો આંગણવાડીના રૂમના દરવાજાનું તાળુ તુટેલી હાલતમાં હતું અને નીચે પડ્યું હતું. જેથી દિપાલીબેન આંગણવાડીનો દરવાજો ખોલી અંદર ગયા હતા.રસોડામાં જઈને તપાસ કરતા અંદર રહેલા સામાનમાંથી ગેસના બે બાટલા અને ત્રણ તેલના ડબ્બાની ચોરી થઈ હતી. જેથી આંગણવાડી બહેને ગામના આગેવાનો અને સુપરવાઈઝરને જાણ કરી હતી. સામાનની આસપાસના વિસ્તારમાં શોધખોળ પણ કરી હતી.પરંતુ સામાન મળી આવ્યો ન હતો. જયારે બે ગેસના બાટલા કિં.૬૦૦૦ અને તેલના ત્રણ ડબ્બા કિં.૭૫૦૦ મળી કુલ રૂ.૧૩,૫૦૦ ની મત્તાની ચોરીને પગલે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સેકટર-૨માંથી ૧૫ વર્ષિય બંગાળી કિશોર ૧૮ દિવસથી ગુમ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૨ માંથી પશ્ચિમ બંગાળનો ૧૫ વર્ષનો કિશોર છેલ્લા ૧૮ દિવસથી ગુમ થઈ જતા સેકટર-૭ પોલીસે વિવિધ ટીમો બનાવી કિશોરની શોધખોળ શરુ કરી છે. કિશોર માત્ર બંગાળી ભાષા જ જાણે છે, જેથી કિશોરને શોધવા માટે પોલીસે અનેક નાગરીકોની પુછપરછ કરી સીસીટીવી ફુટેજ પણ ચેક કર્યા છે. ત્યારે ગઈકાલે કિશોરને શિહોલી ગામની સીમમાં જોયો હોવાનું સ્થાનિક ગ્રામજનો કહી રહ્યા હતા. જેથી પોલીસ શિહોલી પહોંચી ગઈ હતી પરંતુ તે પહેલા કિશોર ત્યાંથી પણ નીકળી ગયો હતો.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ બંગાળના વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતો મકબુલખાન ગાંધીનગરના સેકટર-૧ ખાતે ફર્નિચરનું કામ કરે છે. પચ્ચીસ દિવસ અગાઉ મકબુલ અને તેની પત્ની બાળકો સાથે વતન બંગાળ ગઈ હતી. ત્યાંથી પરત અમદાવાદ આવતા સમયે તેઓ પાડોશમાં રહેતા મહાદેવસિંગના દિકરા રણજીતને પોતાની સાથે લાવ્યા હતા.૧૫ વર્ષના રણજીતને શાળામાં વેકેશન હોવાથી તે મકબુલ સાથે અમદાવાદ શહેર જોવા માટે આવ્યો હતો. પાંચ દિવસ સુધી અમદાવાદ શહેરના જોવા લાયક સ્થળો પર રણજીતને લઈ ગયા હતા. ત્યારબાદ મકબુલને સેકટર-૧ ખાતે ફર્નિચરનુ કામ ચાલતુ હોવાથી ગાંધીનગર જોવા માટે રણજીતને સાથે લઈ આવ્યા હતા. જો કે અમદાવાદ-ગાંધીનગર અપડાઉનને પગલે મકબુલે રણજીતને અન્ય બંગાળી કારીગરો સાથે રાખ્યો હતો.મકબુલ સવારે કામ પર આવીને મોડી સાંજે અમદાવાદ પરત ફરતો હતો. તે સમયે દિવસ દરમિયાન મકબુલ રણજીતને મળતો પણ હતો. ગત તા.૧૫ મેના રોજ રાત્રે ક્રિકેટ રમ્યા બાદ બધા કારીગરો સુઈ ગયા હતા. ત્યારબાદ વહેલી સવારે જોયુ તો રણજીત ન હતો.જેથી રણજીત ન હોવાની જાણ કારીગરોએ કરતા મકબુલ ગાંધીનગર દોડી આવ્યો હતો. શહેરના સેકટરો સહિત આસપાસની જગ્યા પર રણજીતને શોધખોળ કરી હતી પરંતુ રણજીતનો પત્તો ક્યાંય લાગ્યો ન હતો. સેકટર-૭ પોલીસ મથકે રણજીત ગુમ થતા જાણવાજોગ ફરીયાદ અપાઈ છે. જેથી સેકટર-૭ પોલીસના જવાનોની વિવિધ ટીમો રણજીતને શોધવા માટે દોડાદોડી કરી રહી છે. ત્યારે સીસીટીવી ફુટેજની ચકાસણી અને નાગરીકોની પુછપરછ બાદ રણજીત શિહોલી વિસ્તારમાં હોવાની ભાળ મળી હતી. જેથી પોલીસ તાત્કાલીક શિહોલી પહોંચી હતી પરંતુ તે પહેલા રણજીત નીકળી ગયો હતો. રણજીત અંગે કોઈને જાણ થાય તો સેકટર-૭ પોલીસ મથક અને કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જણાવાયું છે.

ખૂણેખાંચરેથી

- આગામી ૪થી જૂનના રોજ ગાંધીનગર કોમર્સ કોલેજ ખાતે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.
- રાજ્ય પોલીસદળમાં ફરજો બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) વર્ગ-૨ના બે અધિકારીઓને નાયબ પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે.
- સચિવાલય સંવર્ગના ૯ નાયબ સચિવોને સંયુક્ત સચિવપદે બઢતી આપતા હુકમો સરકારે આજે જારી કર્યા છે.
- ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના ચીફ એકઝી. ઓફિસર તરીકે બી.બી. વહોનિયાની નિયુક્તી કરવામાં આવી છે.
- ગાંધીનગર જી.ઈ.બી.ના પૂર્વ ચીફ એકઝી. ઈજનેર સ્વ. સી.ડી. દવેના ધર્મપત્ની કુસુમબેન દવેનું વડોદરા ખાતે દુઃખદ અવસાન થયુ છે. તેઓ તેમની દિકરી નીતિ દવેના ત્યાં રહેતા હતા. તેમનો દિકરો હાલ ઓસ્ટ્રેલિયા સ્થાયી થયેલ છે.
- ગાંધીનગર શહેરમાં આજે પણ ટ્રાફિકનું ભારણ વધુ જોવા મળ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે આંતર જિલ્લા બદલી પામી આવેલા ગ્રામસેવકો, આરોગ્યના કર્મયોગીઓ તેમજ તલાટી કમ મંત્રી હાજર થવા આવતાં ભીડ જોવા મળી હતી.
- કલોલ તાલુકાના નારદીપુર ગામે રામજી મંદિરના ત્રિદિવસીય શિલાન્યાસ સમારોહનો આરંભ થયો છે.
- શિવરંજની દ્વારા ૪થી જૂનના રોજ ઓસમાન મીરનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.
- આજે વિશ્વ સાયકલ દિવસ છે પરંતુ ગાંધીનગરમાં સાયકલ શેરીંગ પ્રોજેક્ટ પડતો મુકવામાં આવ્યો છે.

કલોલ ઈફકોના નેનો યુરિયા પ્લાન્ટની નિરીક્ષણ મુલાકાત લેતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જેનું ઉદઘાટન કર્યું છે તે કલોલ ઈફકોના નેનો યુરિયા પ્લાન્ટની આજે મુલાકાત લીધી હતી.

કલોલમાં સ્થપાયેલો આ આધુનિક પ્લાન્ટ અત્યારે ૧.૫ લાખ બોટલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે.

આગામી સમયમાં દેશમાં આવા ૮ વધુ પ્લાન્ટ પણ શરૂ કરીને યુરિયા પરની વિદેશી નિર્ભરતા ઘટાડવાની પ્રધાનમંત્રીશ્રીની નેમ છે. ખાતરમાં આ નેનો ટેકનોલોજીમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આત્મનિર્ભરતા તરફ જે પગલું ભર્યું છે તે કેટલું મહત્વનું છે તેની પ્રત્યક્ષ અનુભૂતિ મુખ્યમંત્રીશ્રીએ આ પ્લાન્ટની મુલાકાતથી કરી હતી.

રૂપિયા ૧૭૫ કરોડના રોકાણથી ઈફકો કલોલમાં કાર્યરત થયેલા આ પ્લાન્ટમાં ૫૦૦ મી.લી.ની ૧.૫ લાખ બોટલ પ્રતિદિન નેનો યુરિયાનું ઉત્પાદન થાય છે.

બોરીજની પરિણિતાએ પતિ, સાસુ-સસરા અને જેઠાણી સામે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨

બોરીજની પરિણિતાને શારીરીક-માનસિક ત્રાસ આપી મારઝુડ કરતા મહિલા પોલીસ મથકે પરિણિતાએ પતિ, સાસુ-સસરા અને જેઠાણી સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમીયાપુરા મોટાવાસ ખાતે રહેતા કાળાભાઈ ઠાકોરની દિકરી કાજલબેનના લગ્ન સમાજના રીત રિવાજ મુજબ ચાર વર્ષ અગાઉ બોરીજ નવાપરા ગામના અરૂણજી ગોપાલજી ઠાકોર સાથે થયા હતા. પરિણિતા લગ્ન કરી લગ્નજીવનના હકો ભોગવવા સાસરીમાં આવી હતી. પ્રારંભિક તબક્કામાં લગ્નજીવન બરાબર ચાલતુ હતું. લગ્નજીવન દરમિયાન એપ્રિલ ૨૦૧૯માં દિકરાનો જન્મ થયો હતો. ત્યારબાદ પરિણિતાની તબિયત બગડતા પિયરમાં રહેવા માટે ગઈ હતી.

તે સમયે સસરા ગોપાલજીનો ફોન આવ્યો હતો જેથી પરિણિતાએ તબિયત સારી થશે એટલે હું સાસરીમાં આવી જઈશ તેમ કહ્યું હતું.

જયારે એક માસ બાદ સસરા ગોપાલજી તેમજ જેઠાઈ રંજનબેન પરિણિતાના ઘરે અમીયાપુર આવ્યા હતા અને દિકરાને લઈને પરત ફર્યા હતા. ત્યારબાદ પરિણિતા સાસરીમાં રહેવા માટે જતા પતિ અરૂણજી, સાસુ-મંજુલાબેન, સસરા-ગોપાલજી અને જેઠાણી-રંજનબેન સહિતના સભ્યો ગમે તેમ બોલવા લાગ્યા હતા. ત્યારપછી પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપવાનું શરુ કર્યું હતું.

જયારે પરિણિતાને તેના પતિ દિકરાની મા તરીકે રાખવા માગે છે, પરંતુ પત્નિ તરીકે નહી તેમ કહી પરિણિતાને તરછોડે છે. જયારે સાસુ-સસરા અને જેઠાણી તેણીના પતિને ચઢામણી કરે છે. ઘરના તમામ સભ્યો એક થઈને મેણા-ટોણા મારી મારઝુડ કરી શારીરીક-માનસિક ત્રાસ આપે છે.જયારે પરિણિતાને દિકરો પણ આપતા નથી અને તરછોડી દેતા તેણીએ મહિલા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

કલોલ ઈફકોના નેનો યુરિયા પ્લાન્ટની નિરીક્ષણ મુલાકાત લેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

૧૭૫ કરોડના રોકાણથી કાર્યરત નેનો યુરિયા પ્લાન્ટ ૫૦૦ મિ.લી ની રોજની ૧.૫ લાખ બોટલનું ઉત્પાદન કરે છે

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જેનું ઉદઘાટન કર્યું છે તે કલોલ ઈફકોના નેનો યુરિયા પ્લાન્ટની આજે મુલાકાત લીધી હતી. કલોલમાં સ્થપાયેલો આ આધુનિક પ્લાન્ટ અત્યારે ૧.૫ લાખ બોટલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. આગામી સમયમાં દેશમાં આવા ૮ વધુ પ્લાન્ટ પણ શરૂ કરીને યુરિયા પરની વિદેશી નિર્ભરતા ઘટાડવાની પ્રધાનમંત્રીની નેમ છે.

ખાતરમાં આ નેનો ટેકનોલોજીમાં વડાપ્રધાનના માર્ગદર્શનમાં આત્મનિર્ભરતા તરફ જે પગલું ભર્યું છે તે કેટલું મહત્વનું છે તેની પ્રત્યક્ષ અનુભૂતિ મુખ્યમંત્રીએ આ પ્લાન્ટની મુલાકાતથી કરી હતી.

રૂપિયા ૧૭૫ કરોડના રોકાણથી ઈફકો કલોલમાં કાર્યરત થયેલા આ પ્લાન્ટમાં ૫૦૦ મી.લી.ની ૧.૫ લાખ બોટલ પ્રતિદિન નેનો યુરિયાનું ઉત્પાદન થાય છે.

મુખ્યમંત્રીએ નેનો યુરિયાના સમગ્ર પ્લાન્ટની ગતિવિધિનું તેમજ કંટ્રોલ રૂમનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાઈ રહેલી નેશનલ કોન્ફરન્સ ઓફ સ્કૂલ એજ્યુકેશન મિનિસ્ટર્સના ઉદઘાટન સત્ર બાદ કોઈ જ પૂર્વનિર્ધારીત કાર્યક્રમ વિના અચાનક કલોલ ઈફકોના આ નેનો યુરિયા પ્લાન્ટની મુલાકાતે પહોચ્યા હતા. મુખ્યમંત્રી સાથે આ પ્લાન્ટ મુલાકાતમાં મુખ્ય સચિવ પંકજ કુમાર, ગાંધીનગર કલેક્ટર કુલદિપ આર્ય તેમજ ઈફકો કલોલ પ્લાન્ટના વરિષ્ઠ ઈજનેરો જોડાયા હતા.

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ અને ઈનોવેશન યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ૧૧૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત

સ્વર્ણિમ ફેકલ્ટી-સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ "સ્વર્ણિમ ઈ-રાઈડ"નું અનાવરણ કર્યું

ગાંધીનગર, તા. ૨

સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપનારી ભારતની સર્વ પ્રથમ યુનિવર્સિટી અને નોલેજ હબ, સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન યુનિવર્સિટી, જેમાં

ટેકનોલોજી, ડિઝાઈન, સાયન્સ, બિઝનેસ અને મેનેજમેન્ટ, હેલ્થ સાયન્સ અને એગ્રીકલ્ચર જેવી શાખાઓના અભ્યાસ ક્રમ સાથે વિદ્યાર્થીઓને ઈનોવેશન, સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રેન્યોરશિપ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. યુનિવર્સિટીએ તેના ત્રીજા પદવીદાન સમારોહનું આયોજન કર્યું હતું. તેમાં કુલ ૧૧૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી સાથે યુનિવર્સિટી ટોપર અને ચાર ઈન્સ્ટિટ્યૂટ ટોપર્સને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. પદવીદાન સમારોહમાં સ્ટાર્ટ અપ અને સંશોધન માટે વિવિધ કેટેગરી જેમકે 'બેસ્ટ ફેકલ્ટી એવોર્ડ ફૉર સ્ટાર્ટઅપ', 'બેસ્ટ ફેકલ્ટી એવોર્ડ ફૉર રિસર્ચ પ્રોજેક્ટ' અને 'બેસ્ટ ફેકલ્ટી એવોર્ડ ફૉર રિસર્ચ પબ્લિકેશન' ની શ્રેણી હેઠળ ગોલ્ડ મેડલ આપનારી સ્વર્ણિમ એ પ્રથમ યુનિવર્સિટી છે.

સ્વર્ણિમ યુનિવર્સિટીના પદવીદાન સમારોહની સાથે ફેકલ્ટી-સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ "સ્વર્ણિમ ઈ-રાઈડ"નું અનાવરણ વિશિષ્ટ અતિથિ ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, નામાંકિત એક્ટર રણવિજય સિંઘા, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના સ્થાપક અને પ્રેસિડેન્ટ ઋષભ જૈન, અને વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈનની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પદવીદાન સમારોહના અવસરે વિચારોને વ્યક્ત કરતા સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના સ્થાપક અને પ્રેસિડેન્ટ ઋષભ જૈને જણાવ્યું હતું કે "સ્વર્ણિમ યુનિવર્સિટીમાં, અમે અમારા વિદ્યાર્થીઓને આઉટ ઓફ બોક્સ વિચાર કરવા અને સર્જનાત્મક સમસ્યા ઉકેલવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. અમે માનીએ છીએ કે વર્તમાન અને ભાવિ પેઢીઓની પ્રગતિ અને સુખાકારી માટે અમે અમારા વિદ્યાર્થીઓને યોગ્ય જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરીએ છીએ, જે તેમની દ્રઢતા, સખત મહેનત અને અન્યો પ્રત્યેની સહાનુભૂતિ સાથે મળીને તેમને તેમના જીવનના ઉદ્દેશ્ય અને સપનાઓને પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે." ગુજરાત સરકારના શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ત્રીજા ડિગ્રી કોન્વોકેશનના અવસરે શુભેચ્છા પાઠવી હતી.

જુગાડી સ્પોટ વડાપાવના નવા સ્ટોર પીડીપીયુ ખાતે શુભારંભ

ગાંધીનગર, તા. ૨

ગુજરાતની સ્વાદપ્રિય જનતા માટે ૨ જૂન-૨૦૨૨, પીડીપીયુ, રાયસણ ગાંધીનગર ખાતે જુગાડી સ્પોટ વડાપાવના સાતમા સ્ટોરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે સ્ટોરના માલિક ઉપરાંત જુગાડી સ્પોટ વડાપાવના કંપની તરફથી મલયભાઈ શાહ અને રોનક પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મલયભાઈએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અમે ગુજરાતની જનતા તેમજ અમદાવાદ અને ગાંધીનગર માટે અને બોમ્બે સ્ટાઈલ વડાપાવની અવનવી વેરાઈટીઓ આપેલ છે. ખાસ કરીને જેમાં વડાની સાઈઝ અમે મોટી રાખી છે જેમાં જમ્બો વડાપાવ, જંતરમંતર વડાપાવ, ઈન્ડી ઈટાલીયન વડાપાવ, વીઆઈપી વડાપાવ સાથે આજની યુવા સ્વાદ પ્રિય જનતા માટે તંદુરી વડાપાવ, સીઝવાન વડાપાવ એવી અનેક વેરાઈટીઓ આપેલ છે. અમારા અમદાવાદ ખાતે પાંચ જેમાં એક આઉલેટ સરદાર વલ્લભાઈ એરપોર્ટ પર આવેલ છે. તેમજ કડી અને આ ગાંધીનગર ખાતે સાતમું સ્ટોર્સ ખોલેલ છે. મલયભાઈએ જણાવ્યું હતું અને આવનારા સમયમાં સમગ્ર ગુજરાતમાં અમારા સ્ટોર્સ ખોલીશું. તેમને આજરોજ ઉદ્ઘાટન નિમિત્તે ગાંધીનગર ખાતે 'ફ્રી' વડાપાવનું પણ વિતરણ કરેલ હતું.

ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયાં

સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અને ફળ ફળાદિનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામે આવેલી શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલના ઉપ પ્રમુખ જયંતિભાઈ એમ. પટેલના ૭૫માં જન્મ દિવસ નિમિત્તે તથા ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના સંયુક્ત ઉપક્રમે શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના માનદમંત્રી રમેશભાઈ બી. પટેલ, સહમંત્રી વિનાયકભાઈ પટેલ, ટ્રસ્ટી અવિનાશભાઈ પટેલ, પૂર્વ સરપંચ રમણભાઈ પટેલ તથા અગ્રણી હરિભાઈ પટેલ તથા લલિતભાઈ પટેલ, ગ્રામ આગેવાનો અને કર્મચારી પરિવારના સહિયારા ઉમદા પ્રયાસથી હોસ્પિટલમાં અને પરિસરની આજુબાજુમાં સ્વચ્છતા અભિયાન તથા વૃક્ષારોપણ કાર્યક્રમ અને દર્દીઓને ફળ ફળાદીનું વિતરણ સફળ રીતે પૂર્ણ કરેલ. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીગણ, કર્મચારી પરિવાર તથા ગામ આગેવાનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પર્યાવરણની સ્વચ્છતા અને સુરક્ષામાં પોતાનું યોગદાન આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ઘરફોડ ચોરીમાં બે વર્ષથી ફરાર શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ ગામમાં ઘરફોડ ચોરી કરીને છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને એલસીબી-૨ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ચોર શખ્સે ચાવી બનાવવાની આડમાં ચોરી કરી ગુનાને અંજામ આપ્યો હતો. જયારે ચોરીનો સામાન માતાને આપ્યો હોવાથી તેણીની ધરપકડ અગાઉ પોલીસે કરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા તાબાના પોલીસ મથકે મિલકત સંબંધી ગુનાઓ આચરી નાસતા ફરતા ઓરોપીને પકડવા માટે જરુરી સુચનાઓ આપી હતી. જેને પગલે લોકલ ક્રાઈમબ્રાંચના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યોએ ગુનાના આરોપીઓનેપકડી પાડવા માટે બાતમીદારો સક્રિય કરી પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે. પૂર્વ બાતમીને પગલે એલસીબી-૨ ની ટીમે અડાલજ બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી રીઢા ઘરફોડ ચોર તેજપાલસિંગ કાલુસિંઘ લોવાડીયા, (વર્ષ-૨૪ રહે.ડુંગરપુર રાજસ્થાન ડુંગરપુર), ને પકડી પાડવામાં આવ્યો હતો. બનાવ પર નજર નાંખીયે તો બે વર્ષ અગાઉ બપોરના સમયે તેના મામાના દિકરા સોનુસિંગ સરદાર સાથે ખોરજ ગામ ગયો હતો. તેજપાલ ચાવી બનાવવાનો ધંધો કરતો હતો. એક બહેનના ઘરે તિજોરીની ચાવી બનાવવા માટે ગયા હતા. તે સમયે મહિલાની નજર ચુકવી

તિજોરીમાંથી સોનાના દાગીના ચોરીને ફરાર થઈ ગયા હતા. જયારે ચોરી કરેલા દાગીના મુદામાલ તેની માતાને આપી દેતો હતો. જે તે સમયે પોલીસે તેની માતાની ધરપકડ કરી લીધી હતી. જયારે તેજપાલ પોલીસ થી બચવા માટે તેની સાસરી ડુંગરપુર જઈને સંતાઈ ગયો હતો. પોલીસે તેને અડાલજ બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી પકડી પાડી વધુ તપાસ સેકટર-૭ પોલીસે શરુ કરી છે.

સેકટર-૨ ૨માં પાણીની પાઈપલાઈન ઉપર જીપ ચઢી ગઈ હતી. પાઈપલાઈનને થોડુક નુકશાન પહોંચતા સમારકામ કરાયું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા કેશરીસિંહ બિહોલાનો જન્મદિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ સેકટર-૫ વસાહત મંડળ અને સેકટર-૫ યોગગૃપ પરિવાર દ્વારા ગઈકાલે ગુરુવારે સવારે ૭ કલાકે સેકટર-૫ જાહેર બગીચામાં યોગગૃપ સેસન્સ સમયે યોગગૃપના સભ્ય તથા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના જન્મ દિવસની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી અને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો પ્રદીપસિંહ બિહોલા, કાનજીભાઈ દેસાઈ, જયેશભાઈ આગજા, રાજેન્દ્રભાઈ પારેખ, ગોવિંદભાઈ આહીર, પી બી શ્રીમાળી, સી.કે.સોની, ઘનશયામસિંહ ગોલ, વિઠ્ઠલભાઈ પરમાર, જગદીશભાઈ પટેલ, જીતેન્દ્ર રાઠોડ તથા યોગગૃપના અગ્રણીઓ સુરેન્દ્રસિહ વાઘેલા, નટુભાઈ પટેલ, આર. જી.દવે, પી.વી. જેઠવા, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, પીતેશભાઈ વ્યાસ, જે.કે. પટેલ, બાબુભાઈ પ્રજાપતિ, રસિકભાઈ ગજજર, મુળસિહ ચાવડા તથા વસાહતી

અગ્રણીઓ પી.આર. અધ્યારુ, લલીતભાઈ દવે, મહેન્દ્રભાઈ નાયી, બાબુભાઈ પટેલ, નરેશ ભાઈ પરમાર, સવજીભાઈ રાઠોડ વગેરે એ ઉપસ્થિત રહી જન્મ દિવસની હાર્દિક શુભેચ્છા ઓ પાઠવી ફુલ છડી તથા શાલ ઓઢાડી અને ધાર્મિક પુસ્તકો આપી જન્મ દિવસ નિમિત્તે જાહેર સન્માન કરી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

આ શુભ પ્રસંગે આમંત્રિત મહેમાન તરીકે છાયાબેન ત્રિવેદી કોર્પોરેટર વૉર્ડ ૮ ગાંધીનગર મહાનગર પાલિકા તથા સમાજના અગ્રણીઓ ગંભીરસિહ વાઘેલા, પ્રદીપસિંહ બિહોલા, સુરેન્દ્રસિંહ વાઘેલા, એમ.યુ. કાગદી, મહમદભાઈ ઠેબા વગેરે ખાસ ઉપસ્થિત રહી જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.